પેજ 3

વિકી કૌશલે 'જાન'ના જન્મદિવસની તસવીરો શેર કરી

મુંબઈ, તા. 17: અભિનેત્રી કેટરીના કૈફે 16 જુલાઈના રોજ તેના પરિવારના સભ્યો અને નજીકના પ્રિયજનો સાથે ખૂબ જ સાદગીપૂર્વક પોતાનો 43મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ ખાસ પ્રસંગની એક સુંદર ઝલક તેના પતિ અને અભિનેતા વિકી કૌશલે સોશિયલ મીડિયા પર શેર કરી છે. વિકી કૌશલે ઇન્સ્ટાગ્રામ પર જન્મદિવસની ઉજવણીની એક વ્હાલભરી તસવીર શેર કરી છે, જેમાં તે કેટરીનાને ભેટતો અને હાથમાં કેક પકડેલો જોવા મળે છે. કેમેરા સામે બંનેના ચહેરા પર અદભુત સ્મિત જોઈ શકાય છે. વિકી કૌશલે આ પોસ્ટના કેપ્શનમાં ટૂંકું પણ પ્રેમભર્યું લખાણ લખ્યું હતું, 'જાન કા જન્મદિન.'

પેપરાજી પર ગુસ્સે થઈ રાની મુખર્જી

મુંબઈ, તા. 17: અભિનેત્રી રાની મુખર્જીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે પેપરાજીના કેમેરા ચેક કરતા જોવા મળે છે. રાની મુખર્જી જ્યારે તેની પુત્રી સાથે કારમાંથી ઉતરી રહી હતી, ત્યારે પેપરાજી તેની તસવીરો ખેંચવા લાગ્યા હતા. પુત્રીની તસવીર ક્લિક થઈ હોવાની શંકા જતા જ રાની મુખર્જી ગુસ્સે થઈ હતી. જોકે, ગુસ્સો શાંત રાખીને તે ખૂબ જ શાલીનતાથી પેપરાજી પાસે ગઈ અને કેમેરા ચેક કરીને પૂછ્યું કે, 'બાળકીની તસવીર તો નથી લીધી ને?' પેપરાજીએ ના પાડતા મામલો થાળે પડ્યો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ યુઝર્સ સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિભાવો આપી રહ્યા છે.

ચીનમાં ભયાનક ભૂસ્ખલન: 8નાં મોત અને 34 ગુમ

ચોંગકિંગ શહેરમાં સવારે આ બનાવ બન્યો જેમાં અનેક મકાનો કાટમાળ નીચે દટાયા

હજુ પણ અનેક લોકો ફસાયા હોવાની આશંકા 1100થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા

બીજિંગ, 17 જુલાઈ (એપી): દક્ષિણ-પશ્ચિમ ચીનમાં આવેલા એક અત્યંત ભયાનક અને વિનાશક ભૂસ્ખલનને કારણે અનેક રહેણાંક મકાનો કાટમાળ નીચે દટાઈ ગયા છે. આ મોટી કુદરતી દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 8 લોકોનાં મોત થયાં છે અને અન્ય 34 લોકો હજુ પણ ગુમ હોવાના અહેવાલ મળી રહ્યા છે. ચીનના ચોંગકિંગ શહેરના પહાડી વિસ્તારમાં આવેલા પેંગશુઈ કાઉન્ટીમાં શુક્રવારે સવારે આશરે 9:08 વાગ્યે આ ભીષણ હોનારત સર્જાઈ હતી, જેમાં પર્વતનો એક મોટો હિસ્સો તૂટીને રહેણાંક વિસ્તાર પર પડ્યો હતો અને આશરે 1100થી વધુ લોકોને તાકીદે સુરક્ષિત સ્થળોએ ખસેડવાની ફરજ પડી છે.

સરકારી ન્યુઝ ચેનલ સીસીટીવી અને સિન્હુઆ ન્યુઝ એજન્સીના સત્તાવાર અહેવાલો મુજબ, આ વિસ્તારમાં પડેલા ભારે વરસાદને કારણે પર્વત પરથી વિશાળ માત્રામાં પથ્થરોના સ્લેબ અને માટી નીચે ધસી આવ્યા હતા, જેના લીધે 10થી વધુ રહેણાંક મકાનો સંપૂર્ણપણે દટાઈ ગયા હતા. ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવેલી આપત્તિ વ્યવસ્થાપનની ટીમોએ ભારે જહેમત બાદ અત્યાર સુધીમાં કાટમાળમાંથી 10 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે, જેમાંથી 2 લોકો ગંભીર રીતે ઘાયલ હોવાથી તેમને હોસ્પિટલ ખસેડાયા છે. હાલમાં ઘટનાસ્થળે 800થી વધુ બચાવકર્મીઓ બચાવ કામગીરી અને શોધખોળ ચલાવી રહ્યા છે. આ અકસ્માત વુજિયાંગ નદી નજીક પહાડી અને પથરાળ વિસ્તારમાં થયો હોવાથી મુશ્કેલીઓ વધી છે. અકસ્માતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા આસપાસના 1 કિલોમીટરના વિસ્તારમાં વીજળી, પાણી અને ગેસનો પુરવઠો તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો છે જેથી કોઈ અન્ય મોટી દુર્ઘટના ન સર્જાય. પર્વતની જમીન હજુ પણ અસ્થિર હોવાને કારણે અને ફરીથી ભૂસ્ખલન થવાના સતત જોખમોને લીધે રાહત અને બચાવ કામગીરીમાં ભારે અવરોધ આવી રહ્યો છે. પથ્થરોના મોટા સ્લેબ નીચે વહેતી નદીમાં પડ્યા છે, જેનાથી આશરે 5 અને 15 માળની બે મોટી ઈમારતોને વ્યાપક નુકસાન થયું છે પરંતુ તે હજુ પણ ઊભી છે.

વહીવટીતંત્રે પ્રભાવિત લોકો માટે તાકીદે તંબુ, ફોલ્ડિંગ બેડ અને ફેમિલી ઈમરજન્સી કીટ સહિત 8000થી વધુ રાહત સામગ્રી મોકલી આપી છે.

જર્મનીમાં વાવાઝોડાથી અનેકનાં મોત: ફ્રાન્સમાં વંટોળિયાનો તરખાટ

ફ્રાન્સમાં તોફાની વંટોળિયાથી બે ટ્રક પલટી ખાઇ ગઇ, હજારો ઘરોમાં વીજળી વિહોણા

બર્લિન, તા. 17 : યુરોપમાં અનેક સ્થળ જંગલની આગ ભભૂકી રહી છે તેવા સમયે જર્મનીમાં ઘાતક વાવાઝોડાએ કહેર મચાવ્યો છે, જેમાં કેટલાય લોકોનાં મોત થયા છે. આ જ ગાળામાં ફ્રાન્સમાં આવેલા એક સુપરસેલ ટોર્નેડોએ તરખાટ મચાવ્યો હતો

દક્ષિણ જર્મનીમાં વાવાઝોડાથી કેટલાકનાં મોત થયા છે, જો કે ચોક્કસ મૃત્યુઆંક જાણવા મળ્યો નથી. હવામાન વિભાગે હજુ વધુ તોફાનની આગાહી કરી છે. જ્યારે ફ્રાન્સના ઓવર્ગને-રોન-આલ્પ્સ પ્રદેશના લોઈર વિભાગમાં ભારે પવન અને ખાસ કરીને પ્રચંડ કરા સાથેના તોફાને તબાહી મચાવી છે, જ્યારે ઉત્તર ભાગમાં ટોર્નેડોએ ભારે નુકસાન પહોંચાડ્યું છે. બચાવ કામગીરી માટે ૨૦૦થી વધુ અગ્નિશામકો અને ૧૪૭ વાહનોને તૈનાત કરવામાં આવ્યા હતા, સેન્ટ-એટિએનના નાટકીય દ્રશ્યોમાં પાંદડા અને કાટમાળ હવામાં ભયાનક રીતે ઉડતા, વીજળીના થાંભલાઓ ધ્રૂજતા અને ભારે વાવાઝોડામાં વાહનચાલકોને રસ્તો જોવામાં ફાંફાં મારતા જોઈ શકાય છે. આ આત્યંતિક હવામાનને કારણે સેન્ટ-એટિએનથી ક્લેરમોન્ટ-ફેરાન્ડ તરફ જતા A72 હાઈવે પર બે ટ્રકો પલટી ગઈ હતી. સેન્ટ-જસ્ટ-સેન્ટ-રેમ્બર્ટમાં ૫૩,૦૦૦ ઘરોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. સેન્ટ-વિક્તુર્નિયનના મધ્ય હોટ-વીન વિભાગમાં ગુરુવારે સાંજે એક મહિલા પર ઝાડ પડતાં તેનું મોત નીપજ્યું હતું, જ્યારે પૂર્વમાં આવેલા ડોલોમિયુમાં ગુરુવારે મોડી રાત્રે વીજળી પડ્યા બાદ એક વર્કશોપમાં આગ લાગી જતાં એક વ્યક્તિ જીવતી સળગી ગઈ હતી.

ટ્રેન ટિકીટ નહીં હોય તે બાબત અકસ્માત વળતર નકારવાનું કારણ ન બને: સુપ્રીમ

ટ્રેનમાંથી પડીને મૃત્યુ પામેલા એક મુસાફર પાસેથી ટિકીટ ન મળતા અકસ્માત વળતર માટેનો તેનો દાવો રેલવે ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે નકાર્યો હતો

આ આદેશ રદ કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે રેલવે મુસાફરોના કલ્યાણ માટેનો અભિગમ અપનાવે તે જરૂરી છે

નવી દિલ્હી, તા. ૧૭(PTI): એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે રેલવે અકસ્માતના કેસમાં મૃતક મુસાફરના શરીર પરથી ટ્રેનની ટિકિટ ન મળવી, એ માત્ર એટલા કારણસર તેના પરિવારને વળતર આપવાનો ઇનકાર કરવાનો આધાર બની શકે નહીં.

રેલવે મુસાફરો અને તેમના પરિવારોના અધિકારોને મજબૂત કરવાના હેતુથી આપવામાં આવેલા આ ચુકાદામાં, કોર્ટે રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલ અને મધ્ય પ્રદેશ હાઈકોર્ટના સમાન આદેશોને રદ કર્યા હતા. આ સાથે જ, ૨૦૧૫માં ચાલુ ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ પામેલા એક વ્યક્તિની વિધવા - લતાને રૂ. ૮ લાખનું વળતર મંજૂર કર્યું હતું. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન કોટીશ્વર સિંહની ખંડપીઠે વિધવા મહિલાની અપીલને ગ્રાહ્ય રાખી હતી, જેમના વળતરના દાવાને RCT અને હાઈકોર્ટે એવા આધાર પર ફગાવી દીધો હતો કે અકસ્માત બાદ ટિકિટ ન મળવાને કારણે તેમના પતિ 'બોનાફાઇડ' મુસાફર હોવાનું સાબિત થયું નથી.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે રેલવે અધિનિયમ એ એક કલ્યાણકારી કાયદો છે અને તેનું અર્થઘટન ઉદાર તેમજ હેતુપૂર્ણ હોવું જોઈએ. અગાઉના ચુકાદાઓનો ઉલ્લેખ કરતા જસ્ટિસ કરોલ, જેમણે આ ચુકાદો લખ્યો છે, તેમણે જણાવ્યું હતું કે, "કલ્યાણકારી કાયદાઓનું અર્થઘટન શાબ્દિક કે સંકુચિત અભિગમ અપનાવવાને બદલે હેતુપૂર્ણ અને ઉદાર હોવું જોઈએ. આ પાછળનો એકંદર વિચાર કાયદાના આશયને વ્યવહારુ બનાવવાનો છે. ચુકાદામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રેલવે અધિનિયમની કલમ ૧૨૪A હેઠળની કાર્યવાહી નો-ફોલ્ટ લાયબિલિટીના સિદ્ધાંત પર આધારિત છે, જેનો હેતુ રેલવેની કોઈપણ બેદરકારી સાબિત કર્યા વિના, અણધારી રેલવે ઘટનાઓના ભોગ બનેલા લોકોને ઝડપી વળતર આપવાનો છે. આ કેસ ચંદ્રકાંત ઠક્કરના મૃત્યુ સાથે જોડાયેલો છે, જેઓ નવેમ્બર ૨૦૧૫માં રાયપુરથી અમદાવાદની મુસાફરી દરમિયાન અમદાવાદ-હાવડા મેઈલ ટ્રેનમાંથી કથિત રીતે નીચે પડી ગયા હતા. તેમની ટ્રાવેલ બેગ, જેમાં ટ્રેનની ટિકિટ હોવાનું કહેવાય છે, તે અકસ્માત બાદ ગુમ થઈ ગઈ હતી.

પ્રાઈમટાઈમ સંબોધનમાં ટ્રમ્પે અમેરિકાની ચૂંટણીઓ સામે શંકા ઉઠાવતા વિવાદ

૨૦૨૦ની ચૂંટણીમાં ભારે ગોટાળા થયા હોવાનું કહ્યું: ચીને ૨૨ કરોડ અમેરિકન મતદારોનો ડેટા તફડાવ્યો હોવાનો દાવો

ટ્રમ્પના આ સંબોધનની વ્યાપક ટીકાઓ થઇ, ખુદ તેમના રિપબ્લિકન પક્ષના કેટલાક નેતાઓએ પણ ટીકા કરી

વોશિંગ્ટન, તા. ૧૭: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે રાત્રે રાષ્ટ્રજોગ કરેલા પ્રાઈમટાઈમ સંબોધનનો ઉપયોગ અમેરિકાની ચૂંટણીઓની કાયદેસરતા પર શંકાઓ ઊભી કરવાના અને ૨૦૨૦ની ચૂંટણીમાં પોતાની હારને નકારવાના તેમના વર્ષો જૂના પ્રયાસોને વેગ આપવા માટે કર્યો હતો, જેથી આગામી મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં મતદાનના વધુ કડક કાયદાઓ બનાવવાની અપીલ કરી શકાય. જો કે તેમના આ સંબોધનની વ્યાપક ટીકા થઈ છે. ખુદ તેમના રિપબ્લિકન પક્ષના કેટલાક નેતાઓએ પણ ટીકા કરી હતી.

ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાંથી રાષ્ટ્રને સંબોધિત કરતા વિવાદાસ્પદ પ્રાઈમટાઈમ ભાષણમાં ચીન પર ૨૨ કરોડ અમેરિકન મતદારોની ફાઈલોમાં ઘૂસણખોરી કરવાનો આરોપ લગાવ્યો હતો, જેને તેમણે ઈતિહાસનું સૌથી મોટું ચૂંટણી હસ્તક્ષેપ કાવતરું ગણાવ્યું હતું. પ્રમુખે વેનેઝુએલા પર પણ અમેરિકી ચૂંટણીઓને પ્રભાવિત કરવાના અભિયાન પાછળ હોવાનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે 'ડીપ સ્ટેટ' એક વ્યાપક ઢાંકપિછોડાનો ભાગ હતી. આ ભાષણમાં તેમણે પોતાને જો બાઈડન સામે ૨૦૨૦ની ચૂંટણીમાં મળેલી હારમાં છેતરપિંડીના જવાબદાર હોવાના પોતાના આક્ષેપોને ફરીથી તાજા કર્યા હતા. જ્યારે ડેમોક્રેટોએ કહ્યું હતું કે આગામી ચૂંટણીને અત્યારથી જ બદનામ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે.

ગત ચૂંટણીની વાતોને ફરીથી દોહરાવવાની આ બાબતે ભાષણ પહેલા જ કેટલાક રિપબ્લિકનને નારાજ કર્યા હતા. રિપબ્લિકન પક્ષ જેમ-જેમ મધ્યસત્ર ચૂંટણીઓ તરફ આગળ વધી રહ્યો છે, તેમ-તેમ પક્ષના કેટલાક નેતાઓએ અસંતોષ વ્યક્ત કરતા કહ્યું કે પ્રમુખનું ભૂતકાળ પર ધ્યાન કેન્દ્રિત કરવું તેમને ભવિષ્ય માટે સમર્થન મેળવવામાં મદદ કરશે નહીં. પ્રમુખએ આરોપ લગાવ્યો કે, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાએ ઈતિહાસમાં ચૂંટણી ડેટાની સૌથી મોટી ચોરી ગણી શકાય તેવું કૃત્ય કર્યું છે, જેના પરિણામે ચીને ગેરકાયદેસર રીતે ૨૨ કરોડ મતદારોની ફાઈલો મેળવી લીધી છે. બીજી બાજુ, રશિયન અધિકારીઓએ ૨૦૧૬ની ચૂંટણીમાં ટ્રમ્પને મદદ કરી હોવાની વાતો થઈ તેનો ઉલ્લેખ ટ્રમ્પે ટાળ્યો હતો.

ટ્રમ્પે જણાવ્યું કે તેમની સરકાર ચૂંટણી સુરક્ષા સાથે જોડાયેલા દસ્તાવેજો સાર્વજનિક એટલે કે ડીક્લાસિફાય કરી રહી છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, 18 રાજ્યોનો વોટર ડેટા હેક અથવા મેળવવામાં આવ્યો હતો. ટ્રમ્પે આરોપ લગાવ્યો કે CIA, FBI અને અન્ય ગુપ્તચર એજન્સીઓને આ અંગેની જાણકારી હતી, પરંતુ તેને પ્રમુખ, કોંગ્રેસ અને જનતાથી છુપાવવામાં આવી હતી. જો કે, ન્યૂયોર્ક ટાઈમ્સના જણાવ્યા અનુસાર ટ્રમ્પના આ આરોપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી. સાર્વજનિક દસ્તાવેજો તેમના તમામ દાવાઓની સ્પષ્ટ પુષ્ટિ કરતા નથી. તે જ સમયે, 2020ની ચૂંટણી પછી થયેલી તપાસ, ઓડિટ, પુનઃમતગણતરી અને અદાલતોની સુનાવણીમાં મોટા પાયે ચૂંટણી ગેરરીતિના કોઈ પુરાવા મળ્યા નહોતા.

કેટલાક મીડિયા ગૃહોએ ટ્રમ્પના ભાષણનું પ્રસારણ અધવચ્ચે અટકાવી દીધું

ABC, NBC અને CNN એ ગુરુવારના વક્તવ્યનું જીવંત પ્રસારણ નહોતું કર્યું, પરંતુ તેમની સ્ટ્રીમિંગ સેવાઓ પર તે સંપૂર્ણપણે ઉપલબ્ધ કરાવ્યું હતું. CBS અને MS NOW બંને ટ્રમ્પનું ભાષણ પૂરું થાય તે પહેલાં જ પ્રસારણ બંધ કરી દીધું હતું, જ્યારે ફોક્સ ન્યૂઝે તેમનું સંબોધન બતાવવાનું ચાલુ રાખ્યું હતું.

ભૂતપૂર્વ ગુપ્તચર અધિકારીએ સંબોધનને 'ખતરનાક' ગણાવ્યું

ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં નેશનલ ઇન્ટેલિજન્સના પ્રિન્સિપલ ડેપ્યુટી ડાયરેક્ટર રહી ચૂકેલા સુ ગોર્ડને, રાષ્ટ્રપતિના સંબોધનને એક અત્યંત મહત્વપૂર્ણ વિષય પર આપવામાં આવેલું ખતરનાક ભાષણ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ટ્રમ્પના સમગ્ર પ્રથમ કાર્યકાળ દરમિયાન ગુપ્તચર તંત્ર ચૂંટણીઓમાં વિદેશી હસ્તક્ષેપને લઈને ચિંતિત હતું, પરંતુ ટ્રમ્પે તેમની વાતની મજાક ઉડાવી હતી, કારણ કે તેઓ પોતાના પ્રચાર અભિયાન અને રશિયા વચ્ચેના સંબંધોની ચાલી રહેલી તપાસથી નારાજ હતા.

દોઢ લાખ ભારતીયોને અસર થઇ શકે

ઇમિગ્રન્ટ ટ્રક ડ્રાઇવરોને હાંકી કાઢવાની ટ્રમ્પની યોજના

વિદેશી ડ્રાઇવરો નશા હેઠળ અકસ્માતો કરી રહ્યા હોવાનો આક્ષેપ

તેમને સ્થાને નિવૃત અમેરિકી સૈનિકોને ડ્રાઇવર બનાવાશે

ન્યૂયોર્ક, તા. ૧૭: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે દેશમાં મોટી સંખ્યામાં રહેલા ઈમિગ્રન્ટ ટ્રક ડ્રાઈવરોની જગ્યાએ અમેરિકન સૈન્યના નિવૃત સૈનિકોને લાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે આમાંના મોટાભાગના ડ્રાઈવરો ડ્રગ્સ અને આલ્કોહોલના નશામાં હોય છે અને ઘણા લોકોનાં જીવ લઈ રહ્યા છે. જો આ પ્રસ્તાવનો અમલ કરવામાં આવે, તો તે અમેરિકામાં રહેતા ભારતીય ઈમિગ્રન્ટ્સ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે, જેમાંથી હજારો લોકો તાજેતરના વર્ષોમાં ટ્રકિંગ ઉદ્યોગમાં જોડાયા છે.

પેન્સિલવેનિયામાં મિલિટરી ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં બોલતા ટ્રમ્પે આ ટિપ્પણી કરી હતી. અમેરિકન અખબાર 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'ના અહેવાલ મુજબ, તેમણે જણાવ્યું હતું કે તેમનું વહીવટીતંત્ર ઈમિગ્રન્ટ ટ્રક ડ્રાઈવરો સામે દેશવ્યાપી કડક કાર્યવાહી કરી રહ્યું છે, જેમાંથી ઘણા દેશમાં ગેરકાયદેસર રીતે આવ્યા છે અને ઘણીવાર તેમની પાસે મોટા ટ્રકો ચલાવવા માટે યોગ્ય દસ્તાવેજો અને લાઈસન્સ હોતા નથી. અમેરિકન બ્રોડકાસ્ટર પીએબીએસ (PBS) દ્વારા યુએસ પ્રમુખના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, મારું વહીવટીતંત્ર ટૂંક સમયમાં ગેરકાયદેસર વિદેશી ટ્રક ડ્રાઈવરો સામે ઐતિહાસિક પગલાં લેશે જેઓ ઘણા લોકોના જીવ લઈ રહ્યા છે. ધ ન્યૂયોર્ક ટાઈમ્સના જણાવ્યા અનુસાર ટ્રમ્પે કહ્યું હતું કે, અમે તેમની જગ્યાએ ગૌરવશાળી અમેરિકન વેટરન્સને લાવવા જઈ રહ્યા છીએ. અમે અમારા સૈનિકોને લઈશું,

એનવીડિયાને પાછળ છોડી એપલ ફરી બની વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની

એપલના શેરો સ્થિર રહ્યા, એનવીડિયાના શેર ૩.૫% ગગડી જતા એપલનું મૂલ્ય વધી ગયું

$4.88 ટ્રિલિયનના માર્કેટ કેપ સાથે ટોચનું સ્થાન મેળવ્યું; AI ક્ષેત્રે ઇન્ફ્રાસ્ટ્રક્ચર કરતાં ડિવાઇસ-સર્વિસ ઇકોસિસ્ટમ તરફ રોકાણકારોનો વધતો ભરોસો

ન્યૂયોર્ક, તા. ૧૭: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)ના ઉછાળાથી સૌથી વધુ ફાયદો મેળવનારી કંપનીઓથી આગળ વધીને જ્યારે રોકાણકારો હવે અન્ય વિકલ્પો તરફ જોઈ રહ્યા છે, ત્યારે એપલે એનવીડિયાને પાછળ છોડીને વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની તરીકેનું ટોચનું સ્થાન ફરીથી હાંસલ કર્યું છે. એપ્રિલ ૨૦૨૫ પછી એપલે પહેલીવાર આ સ્થાન મેળવ્યું છે.

શુક્રવારે એપલના શેર મોટાભાગે સ્થિર રહેતા તેનું માર્કેટ કેપિટલાઈઝેશન અંદાજે $૪.૮૮ ટ્રિલિયન (આશરે ૪.૮૮ લાખ કરોડ ડૉલર) પર રહ્યું હતું. બીજી તરફ, એનવીડિયાના શેરમાં ૩.૫% નો ઘટાડો થતાં તેનું બજાર મૂલ્ય ઘટીને અંદાજે $૪.૮૬ ટ્રિલિયન થયું હતું. વૈશ્વિક ટેક્નોલોજી ક્ષેત્રે આ ફેરફાર એક મોટો વળાંક દર્શાવે છે. જૂન ૨૦૨૫ થી એનવીડિયા વિશ્વની સૌથી મૂલ્યવાન કંપનીનું સ્થાન ધરાવતી હતી. જનરેટિવ AI મોડલ્સ અને ડેટા સેન્ટર્સને પાવર આપતી તેની ચિપ્સની ભારે માંગને કારણે કંપનીના શેરમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો હતો. બીજી બાજુ, એપલને લાંબા સમય સુધી AI ની રેસમાં તેના અન્ય હરીફ બિગ ટેક કંપનીઓ કરતાં પાછળ માનવામાં આવતી હતી. પરંતુ હવે રોકાણકારોના વલણમાં બદલાવ આવી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

એપલનું ફરીથી ટોચ પર આવવું એ દર્શાવે છે કે રોકાણકારો હવે એ વાતનું પુનઃમૂલ્યાંકન કરી રહ્યા છે કે AI ના આગામી તબક્કાથી ક્યાં વધુ મૂલ્ય ઊભું થઈ શકે છે. એનવીડિયા એ AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ થતા જંગી ખર્ચનો સીધો ફાયદો મેળવનારી સૌથી મોટી કંપનીઓમાંથી એક રહી છે, જ્યારે એપલનું આકર્ષણ તેના અલગ બિઝનેસ મોડલને કારણે છે.

અટકાયતમાં લેવાયેલા વડાપ્રધાન, મુખ્યમંત્રીઓને પદ પરથી દૂર કરવાનો ખરડો અટક્યો

ચાલુ મતદાન દરમ્યાન જેપીસીએ ડ્રાફ્ટ રિપોર્ટ મોકૂફ રાખ્યો

ખરડો ચકાસી રહેલી સંસદીય સમિતિએ સૂચવેલી પાંચ ભલામણોમાંથી બે પર મતદાન થઇ ગયું હતું

ત્રીજી પર મતદાન ચાલુ હતું અને સમિતિએ આ ખરડા અંગેનો અહેવાલ હાલ નહીં સ્વીકારવાનું નક્કી કર્યું!

બે ભલામણો પર મતદાનમાં ખુદ શાસક પક્ષના કેટલાક સભ્યોએ વિરુદ્ધમાં મતદાન કર્યું હતું, જો કે બહુમતિથી ભલામણો મંજૂર થઇ ગઇ હતી

નવી દિલ્હી, ૧૭ જુલાઈ (PTI): એક નાટકીય ઘટનાક્રમમાં, ગંભીર આરોપો હેઠળ અટકાયતમાં લેવાયેલા વડાપ્રધાન અને મુખ્યમંત્રીઓને પદ પરથી હટાવવા અંગેના ખરડાની તપાસ કરી રહેલી સંસદની સંયુક્ત સમિતિએ (જોઈન્ટ કમિટી) તેના ડ્રાફ્ટ રિપોર્ટને સ્વીકારવાનું મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય ત્યારે લેવાયો જ્યારે સમિતિ દ્વારા કરવામાં આવેલી પાંચ ભલામણોમાંથી દરેક પર મતદાન ચાલી રહ્યું હતું.

૧૩૦મા બંધારણીય સુધારા ખરડા અંગેની સંયુક્ત સમિતિએ તેના ડ્રાફ્ટ રિપોર્ટમાં પાંચ ભલામણો કરી હતી, જે તાજેતરમાં જ સભ્યોને મોકલવામાં આવી હતી. શુક્રવારે જ્યારે સમિતિ દરેક ભલામણ પર અલગ-અલગ મતદાન કરી રહી હતી, ત્યારે એવો નિર્ણય લેવાયો કે હિતધારકો સાથે વધુ પરામર્શ અને સભ્યો વચ્ચે વધુ ચર્ચાની જરૂર છે. AIMIMના અસદુદ્દીન ઓવૈસી અને NCP (શરદ પવાર)ના સાંસદ સુપ્રિયા સુલેએ અસંમતીની નોંધ રજૂ કરી હતી, પરંતુ છેલ્લી ઘડીએ સમિતિએ રિપોર્ટ સ્વીકારવાનું મોકૂફ રાખવાનો નિર્ણય લીધા બાદ તેમણે તે પરત ખેંચી લીધા હતા.

સમિતિના વડા અપરાજિતા સારંગી(ભાજપ)એ જણાવ્યું કે, સંયુક્ત સંસદીય સમિતિએ સર્વાનુમતે કહ્યું કે અમને હિતધારકો સાથે વધુ પરામર્શની જરૂર છે. બેઠકમાં ઉપસ્થિત સભ્યોએ જણાવ્યું કે પાંચમાંથી બે ભલામણો પર મતદાન થઈ ચૂક્યું હતું અને ત્રીજી ભલામણ પર ચર્ચા ચાલી રહી હતી, ત્યારે જ ડ્રાફ્ટ રિપોર્ટને સ્વીકારવાનું મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો હતો. રસપ્રદ વાત એ છે કે, સત્તાધારી પક્ષના કેટલાક સભ્યોએ પણ પ્રથમ બે ભલામણોની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. જો કે, બહુમતી મતોથી આ ભલામણો પસાર થઈ ગઈ હતી. સમિતિએ ભલામણ કરી હતી કે જો વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રીઓને ગંભીર ગુનાઓના આરોપ હેઠળ સતત ૩૦ દિવસ સુધી અટકાયતમાં રાખવામાં આવે, તો કાનૂની કાર્યવાહીના પરિણામો ન આવે ત્યાં સુધી તેમને તેમના હોદ્દા પરથી કાયમ માટે હટાવવાને બદલે માત્ર સસ્પેન્ડ કરવા જોઈએ. જો આવી વ્યક્તિઓ નિર્દોષ છૂટી જાય અથવા નિર્ધારિત સમયગાળામાં તેમની સામેનો કેસ આગળ ન વધે, તો સસ્પેન્શન આપોઆપ રદ થઈ જાય તેવી જોગવાઈ પણ પ્રસ્તાવિત કરવામાં આવી હતી